ફોર્મ નં. "ડી" -- (નિયમનં.૧૦ અને રેગ્યુલેશન નં.૫.૧)

# ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

## ટાઉન ડેવલોપમેન્ટ વિભાગ

## વિકાસ પરવાનગી

ના.સુ.નં:૧૭૮૬૩ તા.૧૬/૧૦/૧૫
ફાઈલ નં.૯૭ તા.૧૭/૧૦/૧૫

ટા.ડેવ.મં.નં. : ૬૩
તારીખ : ૨૫/૫/૧૬

વોર્ડ: ચિત્રા–ફુલસર
રજાચિઠ્ઠી નં.૦૩
તારીખ:૨૫/૦૫/૧૬

ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ–૧૯૭૬ ની કલમ–૨૯ તથા ૪૯ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૨૫૩ અને ૨૫૪ અન્વયે બાંધકામની વિકાસ પરવાનગી

---

પ્રતિ, **શ્રી સદરૂપ ડેવલોપર્સ,એલ.એલ.પી/અતુલભાઈ કાંતીલાલ અજમેરા તથા અન્ય**

સરનામું:–**પ્લોટ.નં.૨૫ તથા ૨૬,વડવા સર્વે નં.૨૫૩/૨–૨,હરિરામબાગ,બાલવાટીકા પાસે, ભાવનગર.**

અરજી સાથે નિયમ ફોર્મ રજુ કરનાર પરવાનેદારની વિગત :–

આર્કિટેક્ટ / એન્જિનિયર:–**શ્રી હરેશ બી. નીમાવત** — **લા.નં.૧૭૬**

સ્ટ્રક્ચર એન્જિનિયર:–**શ્રી ભાવેશ કે. વ્યાસ** — **લા.નં.૦૭**

સાઈટએન્જીનીયર:– **શ્રી હરેશ બી. નીમાવત/ વી.બી.પંડયા** — **લા.નં.૧૭૬ / ૨૫૪**

વિકાસ કામનું વર્ણન :–

ઉપરોકત સ્થળના આપશ્રીએ રજુ કરેલ પ્રપોઝ બિલ્ડીગ પ્લાન મુજબ પાછળ દર્શાવેલ શરતોને આધિન વિકાસ પરવાનગી આપવામાં આવે છે. બાંધકામ પૂર્ણ થયેથી દિન ૩૦ (ત્રીસ) માં ઓક્યુપન્સી સર્ટીફિકેટ મેળવી લેવાનું રહેશે.

| સૂચિત ઉપયોગ | બાંધકામની વિગત | બાંધકામનું ક્ષેત્રફળ ચો.મી. | રીમાર્કસ |
|---|---|---|---|
| કોમર્શીયલ | હયાત બાંધકામ | નીલ | કમિ.ક.મં.નં.૧૭ તા.૧૬/૦૫/૧૬ થી મળેલ મંજુરી મુજબ |
| | સુચિત બાંધકામ | ૨૧૬૦.૧૧ | |
| | કુલ | ૨૧૬૦.૧૧ | |

(Signature) ૨૬/૫/૧૬
એડી. આસી. એન્જિનિયર
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા ,ભાવનગર

(Signature)
આસી. ટાઉન ડેવ. ઓફીસર
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા ,ભાવનગર

(Signature) ૨૬/૫/૧૬
ટાઉન ડેવ. ઓફીસર
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા ,ભાવનગર

Scanned with CamScanner

## -:શરતોઃ-

(૧) આ પરવાનગી ની મુદત એક વર્ષની રહેશે.

(૨) આ પરવાનગી સામે અપીલ થાય તો અપીલમાં વિરુદ્ધ ઠરાવ થયેથી પરવાનગી રદ ગણાશે

(૩) બાંધકામની પરવાનગી મળ્યેથી દિન–૩૦ માં મહાનગરપાલિકા ના ડ્રેનેજ વિભાગેથી ધોરણસરના ડ્રેનેજ પ્લાન મંજુર કરાવી લેવાના રહેશે.

(૪) બી.પી.એમ.સી. એકટ કલમ–૩૧૩ માં નિર્દેશ કર્યા પ્રમાણેના ધંધા અગર અન્ય ઉપયોગ માટે મકાનનો કે કોઈપણ જગાનો ઉપયોગ કરતાં પહેલાં મહાનગરપાલિકા ના પેટા કાયદા અનુસાર જરૂરી વેપાર અગર બીજા પરવાના મેળવવાના રહેશે.

(૫) સદરહું જમીન અંગે બીન ખેતીના હુકમો તથા લે–આઉટ પ્લાનની મંજુરી જે શરતો આધિન અપાયેલ હોય તે પૈકિ કોઈપણ શરતોનો ભંગ થયેલ હશે અથવા થશે તો પરવાનગી રદ ગણાશે.

(૬) મહાનગરપાલિકાના લીઝથી અપાયેલ પ્લોટમાં કોઈપણ શરતોનો ભંગ થશે તો આ પરવાનગી રદ ગણાશે. આ પરવાનગીથી લીઝ અંગેની જરૂરી મંજુરીઓ મેળવી છે તેવું ગણાશે નહીં.

(૭) ચાલુ બાંધકામના કોઈપણ તબકકે બાંધકામ મંજુરી સમયે આપના દ્વારા નિયુકત કરવામાં આવેલ કોઈપણ માન્ય પરવાનેદાર તેમની નિયુકતી રદ કરાવે અથવા કોઈ કિસ્સામાં અત્રેની કચેરી દ્વારા શિક્ષાત્મક પગલાનાં કારણે પરવાનેદારનો પરવાનો રદ કરવામાં કે સ્થગીત કરવામાં આવે તો તે સમયે આપના દ્વારા અન્ય પરવાનેદારને નિયુકત કરવામાં આવ્યાની જાણ કર્યા બાદ જ આગળનું બાંધકામ કરવાનું રહેશે. અન્યથા તે સમયગાળા દરમ્યાન થયેલું બાંધકામ અન અધિકૃત ગણીને ધારાસર કાર્યવાહી હાથ કરવામાં આવશે.

(૮) બાંધકામના દરેક તબકકે પ્રગતી અહેવાલ આપવાનો રહેશે.

(૯) બાંધકામ પૂર્ણ થયે નિયમાનુસાર કમ્પ્લીશન પ્લાન મંજુર કરાવી ઓકયુપન્સી સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે. ઓકયુપન્સી સર્ટીફીકેટ મેળવ્યા સીવાય મકાન કે તેના કોઈપણ ભાગનો ઉપયોગ કરી શકાશે નહી

(૧૦) બાંધકામ મંજુરી માટે મહાનગરપાલિકા ને આપવામાં આવેલ તમામ કબુલાતનામા તેમજ બાહેંધરીનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) કોઈપણના કાયદેસરના હકક હીતને નુકશાન ન થાય તે પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) આ મંજુરીથી કોઈ કાનુની વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગેના ખર્ચ/નુકશાની વળતરની જવાબદારી મહાનગરપાલિકા ની રહેશે નહીં.

(૧૩) બાંધકામ મંજુરી મેળવનાર દ્વારા કોઈપણ હકીકત છુપાવીને કે ખોટી રજુઆત કરીને મંજુરી મેળવેલ હોવાનુંજણાશે તો આપવામાં આવેલ મંજુરી કોઈપણ નોટીસ વિના રદ કરવામાં આવશે તેમજ જરૂરી કાનુની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

(૧૪) પ્રવર્તમાન અન્ય તમામ કાયદાઓ તથા નિયમો અનુસાર લેવાની થતી જરૂરી યોગ્ય મંજુરીઓ અથવાપ્રમાણપત્રો જે તે સંબંધીત સક્ષમ અધિકારી પાસેથી મેળવ્યા બાદ જ બાંધકામ શરૂ કરવાનુરહેશે. તે શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૧૫) સરકારશ્રીના તા. ૨૭–૭–૦૪ નાં હુકમ મુજબ ઓકયુપન્સી સર્ટી મેળવતાં પૂર્વે વરસાદી પાણીના ભુતળ જળ સંગ્રહની વ્યવસ્થા કરી આપવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે. આ અંગેની જરૂરી વિગતો અત્રેથી મેળવી લેવાની રહેશે.

વિકાસ પરવાનગી તથા મંજુર નકશા મળેલ છે.

Scanned with CamScanner